"માટી કો નમન, વીરો કો વંદન" "હર ઘર તિરંગા"

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત પદાધિકારીઓનો એક દિવસિય તાલીમ કાર્યક્રમ યોજાયો

"ટી.બી. મુક્ત પંચાયત"થી "ટી.બી. મુક્ત ભારત"ના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા સૌ પદાધિકારી કટીબધ્ધ બનીએ -જિલ્લા પંચાયત પ્રમુખશ્રી

અમદાવાદ,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સર્કીટ હાઉસ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધીરજભાઇ પટેલની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત પદાધીકારીઓનો એક દિવસિય તાલીમ કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, સૌ પ્રથમ રોબર્ટ કોચ દ્વારા ટીબીના બેક્ટેરિયા દુનિયા સમક્ષ મૂકવામાં આવ્યા હતા. ક્ષય રોગની ભયાનકતા જે તે સમયે ખૂબ જ વધુ હતી તે સમય કહેવાય છે કે દર એક મિનિટે એક વ્યક્તિનું મોત થતું હતું. હાલમાં પરિસ્થિતિ ખૂબ જ સારી છે સરકારની સક્રિયતા અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રપતિ શ્રી દ્વારા ૨૦૨૫ માં ટીબી મુક્ત ભારત બનાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું છે. જેને સાર્થક કરવા માટે વડાપ્રધાનશ્રી દ્વારા વારાણસી ખાતે ટી.બી મુક્ત પંચાયત અભિયાન લોન્ચ કરાયું હતું.

ટીબી ને સંપૂર્ણપણે ૨૦૨૫ સુધીમાં ભારતમાંથી દૂર કરવા અનેક પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી છે. જેમકે નિક્ષય સહાય યોજના, જેમાં ટીબીના દર્દીને દર મહિને ?૫૦૦ તેમના ખાતામાં જમા થાય છે. લોકભાગીદારી ને જોડીને દાતાઓ દ્વારા પોષણ કીટ પહોંચાડવી જેવી અનેક સારી યોજનાઓ થકી આજે ટીબીને ઘણા અંશે આપણે કંટ્રોલ કરી રહ્યા છીએ.

પદાધીકારીઓ પોતાના વિસ્તારમાં ટી.બી. અંગે જાગૃતિ ફેલાવા અભિયાનમાં જોડાય તે ખુબ જરૂરી છે. આ બાબતે ગેરમાન્યતાઓ અને અંધશ્રધ્ધાઓ નાબૂદ કરવા તંત્રને અને આરોગ્ય વિભાગને મદદરૂપ બને. આ પ્રસંગે જિલ્લા ક્ષય અધિકારી ડો. ફાલ્ગુનીબેનએ જણાવ્યું હતું કે, સરકારની ક્ષય નાબૂદી માટે ખૂબ જ સક્રિય ભૂમિકા રહી.

આઝાદી કા અમૃત મહોત્સવમાં તિરંગા યાત્રા સહિતની ૨૨ દિવસ સુધી ઉજવણી કરાશે

અમદાવાદ,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૩૦ ઓગસ્ટ સુધી કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં હરઘર તિરંગા, મારી માટી મારો દેશ, તિરંગા યાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. જેનો ખર્ચ પાલિકાના માથે આવશે. શુક્રવારે સ્થાયીની બેઠકમાં વધારાના કામ તરીકેની દરખાસ્તને મંજૂરી આપી હતી. પાલિકા કક્ષાએ ૩૦ ઓગસ્ટ સુધી અનેક કાર્યક્રમો યોજાશે. ઈમેલમાં સરકારની સૂચનાઓ મળી હતી. તમામ કાર્યક્રમોમાં ફરાસખાના, ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, બેનર્સ, હૉર્ડિંગ્સ, નાગરિકો તથા મહાનુભાવો માટે પીવાના પાણીનો ખર્ચ, સ્વાતંત્ર્ય સેનાનીઓના અને વીર જવાનોના પરિવારજનોનું સન્માન, મહાનુભાવોના સન્માન માટે મોમેન્ટો, ડીજે, ઢોલ-ત્રાસા, બલૂન, ડ્રોન, એલઈડી સ્ક્રીન, સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનનો ખર્ચ તેમજ કલાકારોને માનધન, તિરંગા ઝંડા અને લાકડીઓ, જાહેરાતો, સહિત બાબતો પાછળ ખર્ચ થશે.

કોઈપણ પ્રત્યાવાહીનો બાધ લીધા સિવાય જરૂર પડ્યે રોકડ તસલમાત લઈ ખર્ચ-ખરીદી કરવાનું નક્કી કરાયું છે.

જયારે તિરંગા યાત્રા સાહિત્યના કાર્યક્રમો અંતર્ગત શહેરના મુખ્ય સર્કલો, મહાત્મા ગાંધી નગરગૃહ, ન્યાયમંદિર, લાલકોર્ટ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીગ, કીર્તિસ્તંભથી મહાત્મા ગાંધી નગરગૃહ સુધીના લાઈટ પોલ પર વધારાની લાઈટિંગ કરવાનું નક્કી કર્યું છે.

છોટાઉદેપુરમાં રંગેચંગે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી થઈ

સરકારે "જ્યાં નાગરિક, ત્યાં સુવિધા"નાં મંત્રને ચરિતાર્થ કર્યો છે ત્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસનો પ્રત્યક્ષ અનુભવ કરી શકાય છે -કેબીનેટ મંત્રી ઋષિકેશ પટેલ

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર
વિશ્વ આદિવાસી દિવસ
G20

અમદાવાદ,

તાપી જિલ્લામાં સોનગઢ તાલુકાના ગુણસદા ખાતેથી "વિશ્વ આદિવાસી દિવસ"નો શુભારંભ કરાવ્યા બાદ દેશવાસીઓને વર્ચ્યુઅલી સંબોધતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું જીવંત પ્રસારણ છોટાઉદેપુર સહિત રાજ્યમાં સૌએ નિહાળ્યું.

રાજ્યના છેવાડે આવેલા અને બાહુલ આદિવાસી વસ્તીનું પ્રભુત્વ ધરાવતા સરહદી જીલ્લા એવા છોટાઉદેપુર જીલ્લામાં આજે રંગે ચંગે વિશ્વ આદિવાસી દિન ની ઉજવણી કરવામાં આવી હતી. છોટાઉદેપુર ખાતે કેબીનેટ કક્ષાના રાજય મંત્રી ઋષિકેશ પટેલ અધ્યક્ષતામાં સમારંભ યોજવામાં આવ્યો હતો. વિશ્વમાં આદિવાસી સમાજ પોતાની સંસ્કૃતિ, ગૌરવ, ઓળખ અને અસ્તિત્વને જાળવી રાખવાના પ્રયાસના ભાગરૂપે છોટાઉદેપુર સહિત સમગ્ર ગુજરાતમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિવાસી વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં ૯ મી ઓગષ્ટના દિવસે "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત કેબીનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલ, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીની અધ્યક્ષતામાં તથા છોટાઉદેપુર ધારાસભ્ય રાજેન્દ્ર રાઠવાની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વામીનારાયણ હોલમાં વિશ્વ આદિવાસી દિવસ ઉત્સાહભેર ઉજવાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોએ આદિવાસી પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરાયા હતા અને આદિવાસી સમાજના વિકાસ માટેની યોજનાઓ લક્ષી ડોક્યુમેન્ટરી ફિલ્મ નિહાળી હતી.

મંત્રીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદીએ દરેક આદિવાસીનો ચિતાર જાણી લીધો હતો કોઈ નેતા એવો નથી હોતો કે તેમને આ સમાજ વિષે બધી ખબર હોય. તેમની નેમ હતી કે જંગલને બચાવનારો આ વર્ગ મુખ્ય ધારામાં કેવી રીતે આવે. ખેડૂત હોય તો તેમને ખેતી વિષયક સહાય મળે, કારીગર હોય તો તેમને ઓજારો વિષયક સહાય મળે. સૌ પ્રથમ બાજપાઈ સરકારે આદિવાસી સમાજ માટે અલગ મંત્રાલયની રચના કરી હતી, જેથી આ સમાજને સૌથી મહતમ લાભ આપી શકાય. વન બંધુ પેકેજ હેઠળ સિકલ સેલને નાથવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ વિભાગ બનાવવામાં આવ્યો છે. આ આદિવાસી સમાજનો આઝાદી જંગમાં ભવ્ય ઈતિહાસ રહ્યો છે. વિશ્વના અનેક રાષ્ટ્રોમાં સાંસ્કૃતિક ધરોહરની વિવિધતામાં એકતાના દર્શન કરાવતા આદિવાસીઓની ઓળખ અને ઈતિહાસ ગૌરવપૂર્ણ છે. પ્રકૃતિના ખોળે વસતો આ સમુદાય પડકારોને પહોંચી વળવાની ક્ષમતા ધરાવતી ખમીરવંતી પરિશ્રમી પ્રજા તરીકે ઓળખાય છે. ભારત અને ગુજરાતમાં વસવાટ કરતા મૂળ નિવાસી સમુદાયનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય બાબતે ઉત્કર્ષ થાય અને તેઓ પણ અન્ય સમાજની હરોળમાં આવી શકે તે માટે કેન્દ્ર - રાજય સરકારોએ "જયાં નાગરિક ત્યાં સુવિધા"નાં મંત્રને ચરિતાર્થ કર્યો છે.

વધુમાં તેઓએ ઉમેર્યું હતુ કે, દેશની આઝાદીની લડાઈમાં દેશના અનેક રાજયોના આદિવાસીઓએ શહીદી વ્હોરી બલિદાન આપ્યા છે. જેમાંના બિરસા મુંડા, તાત્યા ભીલે પણ પોતાનું આગવું યોગદાન આપ્યું છે. સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી અને ગુરુ ગોવીંદસિંહ યુનીવર્સીટી બનાવવામાં આવી છે. જેમાં આદિવાસી સમાજના બાળકો સહિત અન્ય વિદ્યાર્થીઓ પણ ઉચ્ચકક્ષાનું શિક્ષણ મેળવી શકશે, તેમજ સરકારશ્રી દ્વારા સ્વાસ્થ્ય, કૃષિ ક્ષેત્રે આદિવાસી બાંધવોના જીવનમાં પ્રકાશ પાથરી ઊર્જા શક્તિ, મહિલા સશક્તિકરણ, સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને સુદ્રઢ કરવા પોષણ સુધા યોજના, રોડ રસ્તાનું નિર્માણ, સિંચાઈ સુવિધા પુરી પાડી રહી છે. કૃષિમાં વૈવિધ્યકરણ લાવી બાગાયત, પશુપાલન, એગ્રોપ્રોસેસીગ, એગ્રોમાર્કેટીગ જેવી કૃષિ સાથે સંલગ્ન પ્રવૃત્તિઓ તેમજ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ખેડૂતોની આવક વધારવાનું આયોજન કરવામાં આવે છે.

DISHA RESOURCES LIMITED

REGD. OFFICE: 3, RAJESH APARTMENT, B/H, AJANTA COMM. ESTATE, ASHRAM ROAD, AHMEDABAD-380014
PHONE : (OFF). 2754-0790, 27543060, **E-MAIL :** disharesourceslimited@gmail.com
CIN : L74110GJ1995PLC024869, **Website :** www.disharesourcesltd.com

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE FIRST QUARTER AND THREE MONTHS ENDED ON 30th JUNE, 2023.

(In Lakhs)

PARTICULARS	Quarter ended on 30/06/2023 (Unaudited)	Quarter ended on 31/03/2023 (Audited)	Quarter ended on 30/06/2022 (Unaudited)	Year ended on 31/03/2023 (Audited)
Revenue from operations	–	143.75	–	371.19
Other income	275.26	27.74	--	67.70
Total Income from operation	275.26	171.49	–	438.89
Net profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	265.74	22.29	(8.36)	44.53
Net profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	265.74	22.29	(8.36)	44.53
Net profit/(loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	236.17	20.31	(8.36)	39.08
Total Comprehensive Income for the period (Comprising Profit/(loss) for the period (after tax) and other comprehensive Income (after tax)	240.13	(454.70)	(100.22)	590.39
Paid-up equity Share Capital	731.55	731.55	731.55	731.55
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	2904.22	2729.28	2041.17	2729.28
Earnings per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)				
-Basic	3.28	(6.22)	(1.37)	8.07
-Diluted	3.28	(6.22)	(1.37)	8.07

Note :-

(1). The above is an extract of the detailed format of quarter and three months ended unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The Full format of the unaudited Financial Results is available on the stock Exchange website –www.bseinida.com & on company's website –www.disharesourcesltd.com

(2). The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 12th August, 2023.

(3). The company has adopted Indian Accounting Standard ("IND AS") notified by the Ministry of Corporate Affairs with effect from 1st April, 2017.Accordingly the Financial Result for the Quarter ended on 30th June, 2023 in accordance with IND-AS and other accounting principles generally accepted in India.

FOR DISHA RESOURCES LIMITED
Sd/-
KRISHNA AWTAR KABRA, MANAGING DIRECTOR
(DIN: 00650817)

PLACE : Ahmedabad
DATE : 12.08.2023

સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ

CIN:L51909GJ2000PLC037329

રજિસ્ટર્ડ ઑફિસ: ૫૦૮, ઈસ્કોન એલિગન્સ, જૈન મંદિર પાસે, પ્રહલાદનગર પિક અપ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧
ટેલીફોન નં.: +૯૧ ૭૯ ૬૬૧૬ ૮૯૫૦/૬૬૧૬૮૯૫૧ વેબ સાઈટ: www.sikkoindia.com,
ઈ-મેઈલ: compliance@sikkoindia.com

કંપનીની ૨૩મી વાર્ષિક સામાન્ય સભા, બુક બંધ, નક્કી કરેલી તારીખ અને ઈ-મતદાનની સૂચના

કોર્પોરેટ બાબતોનું મંત્રાલય દ્વારા તારીખ ૮ મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, તારીખ ૧૩ મી એપ્રિલ ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તારીખ ૫ મી મે ૨૦૨૦ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૨૦/૨૦૨૦ અને તારીખ ૧૩ મી જાન્યુઆરી ૨૦૨૧, ૮ મી ડિસેમ્બર ૨૦૨૧, ૧૪ મી ડિસેમ્બર, ૫ મી મે ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૦૨/૨૦૨૧ અને તારીખ ૧૨ મી ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ જારી કરાયેલા સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૨ પ્રમાણે કોઈ એક સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના વિડિયો સંગઠન (VC) અથવા અન્ય ઓડિયો વિડિયો માધ્યમ (OAVM) દ્વારા વાર્ષિક સામાન્ય સભા યોજવા અંતર્ગત સિક્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સભ્યોની ત્રેવીસમી (૨૩મી) વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) સોમવાર તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ એ સાંજે ૦૪:૦૦ વાગ્યે ૨૩મી એજીએમની સૂચનામાં જણાવ્યા મુજબનાં સામાન્ય વ્યવસાયો અને વિશેષ વ્યવસાયોનો વ્યવહાર મંજૂર કરવા માટે VC / OAVM દ્વારા યોજવામાં આવશે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય નાં પરિપત્રો પ્રમાણે અને સેબી દ્વારા તારીખ ૧૩ મી મે ૨૦૨૨ ના રોજ જારી કરાયેલ પરિપત્ર નં. સેબી/એચઓ/સીએફડી/સીએમડીર/સીઆઈઆર/પી/૨૦૨૨/૬૨, વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ અને ૨૩મી એજીએમની સૂચના ફક્ત તે જ સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મોકલવામાં આવી રહી છે, જેમના ઈમેઈલ સરનામાંઓ કંપની / ડિપોઝિટરીઝમાં શુક્રવાર તારીખ ૦૪ મી ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ નોંધાયેલા છે. સભ્યોને નોંધ લેવા વિનંતિ છે કે વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ અને ૨૩મી એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.sikkoindia.com પર, એનએસઈ લિમિટેડની વેબસાઈટ www.nseindia.com પર અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ મુકવામાં આવ્યા છે.

ઉપર જણાવેલા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય નાં પરિપત્રો પ્રમાણે એ બધા સભ્યો કે જે ડીમેટ સ્વરૂપમાં અથવા ભૌતિક સ્વરૂપમાં કંપનીના ઈક્વિટી શેર ધરાવે છે અને પોતાનાં ઈ-મેઈલ સરનામાં નથી નોંધાવ્યા જેના લીધે વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ અને ૨૩મી એજીએમની સૂચના નથી મોકલી શકાઈ એ સભ્યો અસ્થાયીરૂપે તેમના ઈ-મેઈલ સરનામા કંપની સાથે આ પ્રમાણે નોંધાવી શકે છે, (એ) જો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવો છો તો શેરધારકનું નામ, શેર પ્રમાણપત્રની સ્કેન કરેલી નકલ (આગળ અને પાછળ), પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@sikkoindia.com પર ઈ-મેઈલ કરી ને, (બી) જો ડીમેટ સ્વરૂપમાં ધરાવો છો તો નામ, DPID-CLID (૧૬ અંકનો DPID CLID અથવા ૧૬ અંકોના લાભાર્થી ID), ક્લાયંટ માસ્ટર અથવા કન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, પાન (પાનકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ), આધાર (આધારકાર્ડની સ્વ-પ્રમાણિત સ્કેન કરેલી નકલ) compliance@sikkoindia.com પર ઈ-મેઈલ કરી ને, ૩) અથવા તો સભ્યો પોઈન્ટ (એ) અથવા (બી) માં જણાવેલ વિગતો ઈ-મેઈલ દ્વારા evoting@nsdl.co.in પર મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિનંતી કરી શકે છે.

ઈ-મેઈલ સરનામાંની સફળ નોંધણી પછી, સભ્ય ને ૨૩મી એજીએમ સંદર્ભે વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ અને ૨૩મી એજીએમની સૂચના ની ઈલેક્ટ્રોનિક નકલો, યુઝર આઈડી અને પાસવર્ડ અને ઈલેક્ટ્રોનિક મતદાન માટેની પ્રક્રિયા તેમને ઈલેક્ટ્રોનિક મતદાન માટે સક્ષમ બનાવવા માટે મોકલવામાં આવશે. કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો compliance@sikkoindia.com પર કંપનીને વિનંતી કરી શકે છે. શેરધારકોને વિનંતી છે કે તેઓ તેમની સંપૂર્ણ બેંક વિગતો અને ઈમેઈલ આઈડી નોંધણી / અપડેટ કરવા માટે તેમના ડિપોઝિટરી સહભાગીઓ, જેમની સાથે તેઓ ડિમટીરીયલાઈઝ્ડ સ્વરૂપમાં હિસ્સો ધરાવે છે, તેને જરૂરી દસ્તાવેજો આપી ને તેમના ડિમેટ ખાતાની જાળવણી કરે.

કંપનીમાં કોઈ ભૌતિક શેરધારકો નથી, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ નથી. સોમવાર, સપ્ટેમ્બર ૦૪, ૨૦૨૩ ("કટ-ઓફ તારીખ") ના રોજ જે સભ્યોના નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભદાયી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલા છે, તેઓ ફક્ત રિમોટ ઈ-ની સુવિધા મેળવવા વાર્ષિક સામાન્ય સભામાં મતદાન માટે હકદાર હશે.

કંપનીઓનો ધારો, ૨૦૧૩ ("ધારો") ની કલમો ૧૦૮ ની જોગવાઈઓ અને અન્ય લાગુ જોગવાઈઓને અનુસરીને અને કંપનીઓ (સંચાલન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (સમય-સમય પર સુધારેલા મુજબ) ("નિયમો) ના નિયમો ૨૦ ને સાથે વાંચીને અને સેબી (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાત આવશ્યકતાઓ) નિયમનો, ૨૦૧૫ (સેબી સૂચિઓ નિયમો) ના નિયમન ૪૪ અને અન્ય લાગુ કાયદા અને નિયમો ધ્યાનમાં રાખીને, કંપની તેના સભ્યોને ૨૩મી એજીએમમાં વ્યવસાયોને વ્યવહાર કરવા માટે દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન અને ૨૩મી વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઈલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા પ્રદાન કરી રહી છે. કંપનીએ તમામ સભ્યોને ઈલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("એનએસડીએલ") સાથે કરાર કર્યો છે.

સભ્યો નોંધી શકે છે કે દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન શુક્રવાર, તારીખ ૦૮ મી સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ સવારનાં ૦૯:૦૦ વાગ્યા થી શરૂ થશે અને રવિવાર, તારીખ ૧૦ મી સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ સાંજનાં ૦૫:૦૦ વાગતાં (બંને દિવસો સહિત) પુર્ણ થશે. આ સમયગાળા દરમિયાન, એ બધા સભ્યો કે જેમના નામ નક્કી કરેલી તારીખ ના રોજ કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અને ડિપોઝિટરીઓ પાસેથી પ્રાપ્ત થયેલા લાભદાયી માલિકો દેખાય છે ફક્ત એ જ સભ્યો દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાનની સુવિધાનો લાભ મેળવવાના હકદાર રહેશે અને આવા સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકશે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન કરવા માટે ઈ-મતદાન મોડ્યુલ અક્ષમ કરવામાં આવશે. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપ્યા પછી, તે / તેણીને પછીથી બદલવાની અથવા ફરીથી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વાર્ષિક સામાન્ય સભા નાં દિવસે ઈલેક્ટ્રોનિક મતદાન ની સુવિધા આપવામાં આવશે. જે સભ્યોએ ૨૩મી એજીએમ પહેલાં દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન દ્વારા પોતાનો મત આપ્યો છે તે પણ ૨૩મી એજીએમ માં હાજર રહી શકે છે પરંતુ તેઓ ફરીથી મતદાન કરવાનો હકદાર રહેશે નહી. દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન / ઈલેક્ટ્રોનિક મતદાન માટેની વિગતવાર પ્રક્રિયા ૨૩ મી એજીએમ ની સૂચનામાં આપવામાં આવેલી છે.

કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેરો એજીએમની સૂચના મોકલ્યા પછી મેળવે છે અને નક્કી કરેલી તારીખ પર ધરાવે છે, તે evoting@nsdl.co.in અથવા compliance@sikkoindia.com પર વિનંતી મોકલીને યુઝર આઈડી અને પાસવર્ડ અને ઈલેક્ટ્રોનિક મતદાન માટેની પ્રક્રિયા મેળવી શકશે. જો કે, જો તમે દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન માટે પહેલેથી જ એનએસડીએલ સાથે નોંધાયેલ છે, તો પછી તમે તમારા મત આપવા માટે તમારી હાલની યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકો છો. જો તમે તમારો પાસવર્ડ ભૂલી ગયા છો, તો તમે www.evoting.nsdl.com પર ઉપલબ્ધ "પાસવર્ડ ભૂલી ગયા છો" વિકલ્પનો ઉપયોગ કરીને તમારો પાસવર્ડ ફરીથી સેટ કરી શકો છો. લિસ્ટેડ કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈ-વોટિંગ સુવિધા પર સેબી દ્વારા તારીખ ૯ મી ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ જારી કરાયેલ પરિપત્ર પ્રમાણે, ડિમેટ મોડમાં સિક્યોરિટીઝ ધરાવતા વ્યક્તિગત શેરહોલ્ડરોને ડિપોઝિટરીઝ અને ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ સાથે જાળવેલા તેમના ડીમેટ ખાતા દ્વારા મત આપવાની મંજૂરી છે. ઈ-વોટિંગ સુવિધા મેળવવા માટે શેરધારકોએ તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ આઈડી તેમના ડીમેટ ખાતામાં યોગ્ય રીતે અપડેટ કરવા જરૂરી છે.

દૂરસ્થ ઈલેક્ટ્રોનિક માધ્યમને લગતાં કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે સભ્યો દ્વારા વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) નો સંદર્ભ લો અને www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે દૂરસ્થ ઈલેક્ટ્રોનિક મતદાન વપરાશકર્તા માર્ગદર્શિકા અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર ફોન કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર વિનંતી મોકલી શકો છો. સભ્યો કંપનીની કોર્પોરેટ ઓફિસ પર શ્રી ધ્રુવિતકુમાર પરેશભાઈ માંડલિયાનો, કંપની સચિવ અને પાલન અધિકારી, નો સંપર્ક પણ કરી શકે છે અથવા compliance@sikkoindia.com પર ઈ-મેઈલ લખી શકે છે અથવા વધુ સ્પષ્ટતા માટે ૭૧૭૫૧૨૦૨૩૮૦૪ ફોન કરી શકે છે.

સભ્યો ફક્ત VC / OAVM સુવિધા દ્વારા વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકે છે. વાર્ષિક સામાન્ય સભામાં જોડાવા માટેની સૂચના ૨૩ મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપવામાં આવી છે. જો સભ્યો ને ૨૩ મી એજીએમમાં ભાગ લેવા સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ છે, તો તમે evoting@nsdl.co.in પર ઈમેઈલ લખી શકો છો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨ ૪૪ ૩૦ પર ફોન કરી શકો છો. VC / OAVM દ્વારા એજીએમમાં ભાગ લેનારા સભ્યોની ગણતરી કંપનીઓનો ધારો, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમની ગણતરીના હેતુ માટે કરવામાં આવશે.

સિકકો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે
સહી/-
ધ્રુવિતકુમાર પરેશભાઈ માંડલિયા
કંપનીના સચિવ

સ્થાન: અમદાવાદ
તારીખ: ૧૨/૦૮/૨૦૨૩

ઊંઝા ઉમિયા માતાજી મંદિર સંસ્થાન દ્વારા આયોજીત અખંડ મંત્રધુન કાર્યક્રમમાં આરોગ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ

ધૂન
પ્રારંભ : ૦૭-૦૮-૨૦૨૩, સોમવાર
પૂર્ણાહુતિ : ૧૪-૦૮-૨૦૨૩, સોમવાર

અમદાવાદ, ઊંઝા ઉમિયા માતાજી મંદિર સંસ્થાન દ્વારા આયોજીત શ્રી ઉમિયા શરણમ મમ:મહામંત્રના ૧૬૮ કલાક સુધી અખંડ ધુન કાર્યક્રમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી ઋષિકેશભાઈ પટેલે આજરોજ ઉંઝા ખાતે પ્રેરક હાજરી આપી હતી. તેઓએ ઉમિયા માતાજીના ચરણોમાં પુજાઅર્ચન કરી શીશ ઝુકાવીને જનસુખાકારી માટે પ્રાથના કરી હતી. ૨૧૦૦ મહિલા સંગઠન ધ્વારા કરાઈ રહેલા દિવ્ય-અખંડ મંત્ર ધુનમાં મંત્રીશ્રી ભાવભેર જોડાયા હતા. ઉંઝા ખાતે આયોજીત મહામંત્ર અખંડ ધૂન કાર્યક્રમ તા. ૧૪ઓગસ્ટ સુધી ચાલશે.

સતત ૧૬૮ કલાક સુધી શ્રી ઉમિયા શરણમ્ મમ ની ચાલતી દિવ્ય અને અલૌકિક ચમત્કારી મંત્ર ધુન વિશ્વભરમાં રહેતા કડવા પાટીદારોની આસ્થા – શ્રધ્ધા છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના અધ્યક્ષ બાબુભાઈ પટેલ, સંસ્થાના મંત્રી દિલિપભાઈ નેતાજી સહિતના પદાધિકારીઓ અને હજારો શ્રધ્ધાળુઓ મંત્રીશ્રી સાથે જોડાયા હતા.

ગાંધીનગરમાં મિલ્કત સંબંધી ગુનાઓ આચરતા ગુનેગારોને પોલીસની હાજરીનો અહેસાસ થશે: રેન્જ આઈજી વીરેન્દ્રસિંહ યાદવ

અમદાવાદ,

ગાંધીનગરમાં વધી રહેલી ઘરફોડ અને વાહન ચોરીના ગુનાઓ સામે પોલીસે એક્શન પ્લાન ઘડી કાઢ્યો છે. જે અન્વયે મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા માટે બાઈક - પીસીઆર વાનમાં પોલીસ રાઉંડ ધ કલોક પેટ્રોલીંગ કરશે. ઉપરાંત શહેરનાં મહત્ત્વના જાહેર સ્થળોએ પોલીસ ખાનગી ડ્રેસમાં તૈનાત કરીને જિલ્લા બહારના પરપ્રાંતીયોનો ડેટા તૈયાર કરી ગુનાહિત ઈતિહાસ પણ ચકાસવામાં છે. આજે ગાંધીનગર રેન્જ આઈજી વીરેન્દ્રસિંહ યાદવે એક્શન પ્લાન તરતો મૂકીને કહ્યું હતું કે, ગાંધીનગરમાં મિલ્કત સંબંધી ગુનાઓ આચરતા ગુનેગારોને પોલીસની હાજરીનો અહેસાસ કરાવવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં ઘરફોડ અને વાહન ચોરીનાં બનાવો અટકાવવા માટે રેન્જ આઇજી વીરેન્દ્રસિંહ યાદવ અને જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી દ્વારા ખાસ એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જેમાં જિલ્લામાં બહારથી આવીને વસવાટ કરતાં પરપ્રાંતિયોનો ડેટાબેઝ તૈયાર કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા દોઢેક દાયકથી ગાંધીનગરમાં બી - રોલ ભરવાની કામગીરી પણ બ્રેક લાગી ગઈ હતી. જેનાં કારણે જિલ્લામાં બહારથી આવેલા પરપ્રાંતીયોનો ડેટા જ પોલીસ પાસે નહોતો. હવેથી પોલીસ દ્વારા શહેરની ઝૂંપડપટ્ટી તેમજ કન્સ્ટ્રક્શન સાઈટ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પોલીસ બહારથી આવેલા પરપ્રાંતીયોનો એક ડેટા તૈયાર કરીને તમામના ગુનાહિતની ચકાસણી કરશે. ઉપરાંત દર મહિને પોલીસનો લોક દરબાર પણ યોજવામાં આવશે. આ અંગે આજે ગાંધીનગર રેન્જ આઈજી વીરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે, જિલ્લામાં ગુનેગારોને પોલીસની હાજરીનો અહેસાસ થાય એ રીતે પોલીસને એક્ટિવ કરવામાં આવશે.

નર્મદા જિલ્લા મેજિસ્ટ્રેટે ૮ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કર્યો

અમદાવાદ, નર્મદા જિલ્લામાં રાજપીપળા શહેરના ૮ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરતું જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયુ છે. હિન્દુઓની છેલ્લા ઘણા સમયથી રજૂઆતો અને મંગણીઓ હોય અશાંતધારો લાગુ કરાતા તેઓએ રાહત સાથે ખુશી અનુભવી છે.

ગુજરાત અશાંતધારા વિસ્તારમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારમાંથી ભાડુઆતને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ બાબતના સુધારા અધિનિયમ ૨૦૧૯ની કલમ-૨ની પેટા કલમ-૧ મુજબ નર્મદા જિલ્લા મેજીસ્ટ્રેટ શ્વેતા તેવતિયાએ રાજપીપળા શહેરના ૮ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કર્યો છે. રાજપીપળા શહેરના અશાંતધારો લાગુ કરેલા ૮ વિસ્તારોની સીમાથી ૫૦૦ મીટરના હદ વિસ્તારમાં આવેલી મિલકતો પૈકી શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલી મિલકતોને અશાંત વિસ્તારોની મિલકતો તરીકે જાહેર કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ફળિયું, સિંધીવાડ, દરબાર રોડ, અરબ ટેકરા, હરિજનવાસ, આરઝૂ સોસાયટી, કોલીવાડ, કુંભારવાડ, કાછીયાવાડ, મચ્છીવાડ, માર્કેટ એરિયા સ્ટેશન રોડ, કસ્બાવાડ, શ્રીનાથજી મંદિર વિસ્તાર, ભાટવાડ, નવપરા, રાજપૂત ફળિયા, સબ્જેલ વિસ્તાર, રાજ રોક્ષી, હરસિધ્ધિ માતા મંદિર વિસ્તાર, નવા ફળિયા, મોતીબાગ, રામબાગ સોસાયટી, સાંસદ મનસુખ વસાવાની રાજેન્દ્રનગર સોસાયટીનો સમાવેશ થાય છે. સાથે જ શર્મા કોમ્પ્લેક્ષ અને રાજપીપળા ગ્રામ્યનો પણ કેટલોક વિસ્તાર અશાંતધારા હેઠળ આવરી લેવાયો છે. અશાંત વિસ્તારોની સીમાથી ૫૦૦ મીટરના હદ વિસ્તારમાં આવેલ મિલકતોની તબદીલી કરવા અંગે ગુજરાત અશાંતધારા વિસ્તારમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારમાંથી ભાડુઆતને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ મુજબ જિલ્લા મેજીસ્ટ્રેટ પાસેથી પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

ધો. ૮ ભણેલા મહિલાએ વર્ષે લાખોની કમાણી કરી ભણેલા-ગણેલા લોકોને માથુ ખંજવાળતા કરી દીધા

અમદાવાદ,

ધો. ૮ ભણેલા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ધોધડકુવા ગામના આદિવાસી મહિલા પશુપાલન વ્યવસાય થકી ડેરીમાં રોજનું ૧૬૦ થી ૧૭૦ લીટર દૂધ ભરી મહિને રૂ. ૧ લાખ ૬૩ હજારની કમાણી કરી રહ્યા છે. વર્ષે ૫૭૬૦૦ લીટર દૂધ ભરી રૂ. ૧૯,૬૧,૧૨૧ની આવક સાથે તેમણે જિલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો છે. આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે તેઓ જિલ્લાની અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત બન્યા છે. એક સમય એવો હતો કે, જયારે પશુપાલનના વ્યવસાયને ગૌણ તરીકે ગણવામાં આવતો હતો.

પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે, વધતા જતા દૂધના ભાવ વધારાને પગલે ઘર આંગણે પશુપાલનનો વ્યવસાય મહિને લાખો રૂપિયાની આવકનું માધ્યમ બન્યો છે. વલસાડ જિલ્લાના ગામડાઓમાં લોકો ધીમે ધીમે પશુપાલન વ્યવસાયથી દૂર થઈ કંપનીઓમાં નોકરી કરી રહ્યા છે પરંતુ કપરાડાના ધોધડકુવા ગામના નિશાળ ફળિયામાં રહેતા ૫૦ વર્ષીય આદિવાસી મહિલા ભારતીબેન રમણભાઈ પટેલે આજના મોંઘવારીના જમાનામાં અનેક લોકો માટે રોજગારીની નવી મિશાલ ઉભી કરી છે.

પોતાની સફળતા પાછળના સંઘર્ષ અંગે ભારતીબેન જણાવે છે કે, મને પહેલાથી અબોલ જીવ પ્રત્યે લગાવ હતો, લગ્ન થયા બાદ પતિ રમણભાઈ સાથે પશુપાલનના વ્યવસાયમાં રૂચિ કેળવાઈ પરંતુ તે સમયે ગરીબીના કારણે એક ગાય ખરીદવા માટે પણ અમારી પાસે પૈસા ન હતા. જેથી દૂધ મંડળીમાંથી રૂ. ૪૦ હજારની લોન લઈ એક ગાય ખરીદી કરી પશુપાલનના વ્યવસાયમાં પા પા પગલી ભરી હતી. ધીમે ધીમે એક માંથી બે અને ત્રણ ગાય થતી ગઈ અને આજે મારી પાસે કુલ ૧૩ ગાય છે. જેમાં ૧૦ હોસ્ટેન, ૨ જર્સી અને ૧ ગીર ગાય છે. પશુ પાલનનો વ્યવસાય ઘણી મહેનત માંગી લે છે. હું અને મારા પતિ સવારે ૫ વાગ્યે ઉઠી જઈને ગૌ માતાની સેવામાં લાગી જઈએ છે. તેઓ ઉપર જ અમારા આખા પરિવારનું જીવન નિર્ભર હોવાથી તેઓની તંદુરસ્તી અને સ્વચ્છતા અમારા માટે પહેલી પ્રાથમિકતા છે. ૧૩ ગાયની માવજત માટે પાકી કોઢાર બનાવી છે. પગ લપસી ન જાય તે માટે રબરની શીટ પણ નીચે પાથરી છે. જગ્યા પર જ ચારો-પાણી મળી રહે તે માટે અલગ કુંડ બનાવી છે.

હાલ ચોમાસાના સમયમાં પણ દિવસમાં ૩ વાર તમામ ગાયો નવડાવીએ છે. ખાસ કરીને ઉનાળામાં તો દિવસમાં પાંચ વાર નવડાવવું પડે છે. આ સિવાય ગાય માતાને ગરમી ન લાગે તે માટે પંખા પણ મુક્યા છે. બધાને એવુ લાગે કે, પશુ પાલનનો વ્યવસાય ઘણી મહેનત માંગી લે છે એ વાત સાચી છે પણ હકીકતમાં જોઈએ તો આ વ્યવસાયમાં કરેલી આપણી મહેનતને એળે નથી જતી. જેટલી મહેનત કરીએ તેટલી આવક પણ કમાવી આપે છે અને તેમાંથી બે પૈસાની બચત પણ થઈ શકે છે.

આ વ્યવસાયની આવકમાંથી જ દીકરી અને દીકરાના લગ્ન કર્યા તેમજ પાકુ આરસીસી ઘર પણ બનાવ્યું છે. આમ, પશુપાલન વ્યવસાયથી ભારતીબેન તો આર્થિક રીતે પગભર થયા જ છે પરંતુ તેમનું દ્રષ્ટાંત અન્ય મહિલાઓ માટે પણ પ્રેરણારૂપ છે. ગાયને નવડાવવા પાણી મળી રહે તે માટે જનરેટર અને ખોરાક માટે કટર મશીન ખરીદ્યું ખાનગી નોકરી છોડીને પશુપાલનના જ વ્યવસાયમાં ઝંપલાવનાર ભારતીબેનનો પુત્ર કેતન જણાવે છે કે, મમ્મી, પપ્પા હું અને મારી પત્ની મિનાક્ષી અમે ચારેય જણા ગૌ માતાનો નિયમિત ખોરાક - પાણી, રસીકરણ અને સફાઈનો સમય કદી ચૂકતા નથી. ગૌ માતાના ખોરાક માટે દર મહિને અંદાજે ૬૦ કિલો ઘઉંનો ભૂસો, મકાઈ અને તુવરની ચુની અને કપાસ પાપડી તેમજ ૫ ટન સૂકો-લીલો ચારો, શેરડી અને પુરતિયા ખરીદીએ છીએ. આમ મિશ્ર ખોરાકથી દૂધ સારુ મળે છે.

શેરડી આખી ખવડાવી શકાતી નથી તેથી ટુકડા કરવા માટે કટર મશીન પણ ખરીદ્યું છે જેના વડે શેરડી અને ચારાને કાપીને ખવડાવીએ છે. ગાયને નવડાવવા માટે પૂરતુ પાણી મળી રહે તે માટે બેંકમાંથી લોન લઈ જનરેટર ખરીદ્યું છે. જેથી લાઈટ જાય તો પણ ૨૪ કલાક પાણી મળી રહે. આ સિવાય ટ્રેકટર પણ ખરીદ્યું છે. ગૌમાતાનું છાણ માટે ઉકરડો અને ગૌમૂત્ર સીધુ ખેતરમાં જાય તે રીતની વ્યવસ્થા કરી છે જેથી ખેતી પણ સમૃધ્ધ બની છે.